GJGS020032262023

सत्यमेव जयते

**<u>રે.દિ.મુ.નં.૧૩૮/૨૦૨૩</u>**

## <u>આંક–પ હેઠળ હુકમ</u>

(૧) આ કામના વાદી ધ્વારા હાલની અરજી વચગાળાનો મનાઇ હુકમ મેળવવા દાખલ કરેલ છે. જેની ટુંકમાં હકિકત એવી છે કે, વાદીએ નામદાર કોર્ટમા ઉપરકોત નંબર દાવો દાખલ કરેલ છે. જે ચાલતા લાંબો સમય જાય તેમ છે. તેથી હાલની અરજી લાવેલ છે. દાવામા જણાવેલ તમામ હકીકતો, વિગતો અને મજકુરો આ અરજીમા પણ સમાન હોય તેનુ પુનરાવર્તન ન કરતા આ અરજીના આખરી નીકાલ વખતે તમામ દાવાના મજુકરો, હકીકત અને વિગતોને ધ્યાને લેવા અરજ કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીને વાદીના કબજા, ભોગવટાવાળી રહે. સર્વે નં. ૧૮૬૨ વાળી જમીનમાં બનાવેલ ગેરકાયદેસરની દુકાનોમાં એ.ટી.એમ. મુકવાની અને ચલાવવાની કોઈ કાયદેસરતા નથી કે હકક, અધિકાર નથી તેમ છતા પણ બળજબરીપુર્વક પ્રતિવાદી કોઈપણ જાતની વાદીની મંજુરી વગર જ સદરહુ કામ કરવાની પેરવી કરે છે તેમ થવાથી વાદીના બંધારણીય હકકો ઉપર તરાપ પડે છે જેથી હાલની અરજી લાવવા ફરજ પડેલ. વાદીનો પ્રથમ દર્શનીય અને મજબુત કેસ છે. માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવાથી પ્રતિવાદી ને કોઇ નુકશાન થાય તેમ નથી. તેમજ અગવડતા તથા સગવડતા નો સિધ્ધાંત વાદીની તરફેણમા છે. આ કામના પ્રતિવાદી તેના ઈરાદામા સફળ થાય તો વાદીને નાણામા ન વાળી શકાય તેવુ નુકશાન જાય તેમ છે. જેના કારણે લીગલ ઈન્જરી વાદીને થયા છે. મનાઇહુકમ ન આપવાથી વાદીનુ સીવીલ ડેથ થાય તેમ છે. ઉપરની સમગ્ર હકીકતે અરજી લાવી અરજ કરેલ છે કે, (એ) આ કામના પ્રતિવાદી વાદીની પ્રભાસ પાટણ મુકામે આવેલ રે.સર્વે નંબર ૧૮૬૨ વાળી જમીનમા જે ગેરકાયદેસર દુકાન બનાવવામા

આવેલ છે તેમા એટીએમ મશીન મુકી ગેરકાયદેસર બેન્કીગ વ્યવહાર કરવાની કોશીશ કરે છે, તેમ કરવાનો તેઓને હકક અધિકાર નથી. વાદી સંસ્થાની મંજુરી લીધેલ નથી. તેથી પ્રતિવાદી કે તેના કર્મચારી, માણસો, મજુરો, નોકર, ચાકર કે ફ્રેન્ચાઇસ વિગેરે સદર જગ્યાએ થી એટીએમ મશીન મુકી બેન્કીંગ વ્યવહાર કરે નહી, તેવો કામચલાઉ મનાઇહુકમ આપવા અરજ કરેલ છે તથા (બી) આ અરજી ની અનુસંધાને વાદીને મળી શકતી સઘળી અને વિશેશ દાદ અપાવવા અરજ કરેલ છે.

**(૨.૧)** સદર કામે પ્રતિવાદીને દાવાના સમન્સ તથા હાલની અરજીની નોટીસની બજવણી થતા તેમના વકીલ મારફત હાજર થયેલ અને આંક-૧૦ થી પોતાના વાંધા જવાબ રજુ કરેલ છે જેમા વાદીની દાવા અરજી તથા હાલની અરજી ની અરજીની હકીકતોનુ મહદઅંશે ઇન્કાર કરેલ છે તેમજ વિશેશ મા જણાવેલ છે કે, વાદી ધ્વારા પ્રતિવાદી સામે SPECIAL RELIEF ACT 1963 & CODE OF CIVIL PROCEDURE 1908 મુજબ દાવો લાવવામા આવેલ છે STATE BANK OF INDIA એ નાણાકીય સરકારી બેક છે અને ભારત સરકારની રીઝર્વ બેંક ધ્વારા માન્યતા પ્રાપ્ત એકમ છે. વાદી ધ્વારા લાવવામા આવેલ દાવો એક ટ્રસ્ટ ધ્વારા દાખલ કરવામા આવેલ છે, જેમા ટ્રસ્ટ નોંધાયેલ હોય ત્યારે દાવો કરતા પહેલા BOMBAY PUBLIC TRUST ACT 1950 ના પ્રાવધાનો શરતો અને સુચના મુજબ લાગુ પડતા ટ્રસ્ટ નોંધણી કાર્યાલયને જાણ કરી અને તેની મંજુરી લઇ અને દાવો દાખલ કરી શકાય છે પરંતુ આ કામે વાદી ધ્વારા ટ્રસ્ટ નોંધણી કાર્યાલય ના મુખ્ય અધિકારી CHARITY COMMISSIONER ની મંજુરી સાથે આ દાવો દાખલ કરવામા આવેલ ન હોય જે પ્રથમ દર્શનીય રીતે ટકવા પાત્ર નથી. BOMBAY PUBLIC TRUST ACT 1950 ની કલમ ૫૦ અને ૫૧ મુજબ CHIRTY COMMISSIONER ની મંજુરી લઇ અને ટ્રસ્ટને લગતા દાવા જેમા કોઇ લાભ લેવા પાત્ર બાબતો હોય અથવા જે શરતો લાગુ હોય તેમા કોઈ ફેરફારો કરવાના થતા હોય ત્યારે CHIRTY COMMISSIONER ની પુર્વ મંજુરી લઇ અદાલતમાં દાવો લાવી શકાય, પરંતુ હાલના દાવામા વાદીએ CHIRTY

COMMISSIONER ની જાણ બહાર પોતાના ફાયદા માટે હાલનો દાવો લાવેલ હોય એવુ ફલીત થાય છે. પ્રતિવાદી ધ્વારા વાદીની ટ્રસ્ટ વાળી જગ્યા પર STATE BANK OF INDIA બેંકનુ એટીએમ મશીન લગાડવામા આવેલ છે તે હકીકત ખોટી છે. સત્ય હકીકત એ છે કે પ્રતિવાદી ATM મશીન લગાડવા માટે કયારેય કરાર કરતુ નથી પણ તે ત્રાહીત સંસ્થાને આ કામ આપે છે. આવી ત્રાહીત સંસ્થાઓ પોતાની રીતે ATM મશીનો લગાડે છે અને તે જે જગ્યા ઉપર મશીનો લગાડે છે તે જગ્યાના માલીક સાથે આ બાબતે કરાર કરતા હોય છે. પ્રતિવાદી STATE BANK OF INDIA ત્રાહીત સંસ્થા સાથે મશીનો લગાડવા અને તેના સંચાલન બાબતે એક કરાર કરે છે જે કરાર મુજબ ત્રાહીત સંસ્થા કામ કરે છે પણ જે જગ્યાઓ ઉપર ATM મશીન મુકવામા આવે છે તે જગ્યાના માલીક સાથે STATE BANK OF INDIA ને કોઈ કરાર કરાવનો હોતો નથી. આમ વાદી ધ્વારા પ્રતિવાદીને દાવામાં પક્ષકાર તરીકે જોડવામા આવેલ છે પરંતુ તેઓએ આ પ્રકારે દાવા મુજબ કોઈ જગ્યા ભાડા પર લઈ અને ATM મશીન લગાડેલ નથી કે વાદી ધ્વારા તેઓને પક્ષકાર તરીકે જોડવા લાયક કોઈ દસ્તાવેજો સદર દાવામા રજુ કર્યા નથી જેથી આ દાવાના પક્ષકાર તરીકે તેઓનો કોઈ રોલ આવતો ન હોય માટે આ દાવો ટકવા પાત્ર નથી. હકકીતે વાદગ્રસ્ત જગ્યાના કબ્જેદાર ગુજ. હુસેન જમાલ ભાદરકાએ કોળી કરશનભાઇ ગોવાભાઈ બામણીયાને પોતાના કબ્જા વાળી જગ્યાનુ સાટાખત કરાર તા.૧૭-૧૧-૯૭ માં કરી આપેલ છે. ત્યારબાદ કોળી કરશનભાઇ ગોવામા બામણીયા અને હીટાચી પેમેન્ટ સર્વીસ પ્રાઈવેટ લીમીટેડ વચ્ચે ATM મુકવા બાબતે તા.૨૩-૩-૨૩ ના રોજ કરાર થયેલો છે. જે કરારમા પ્રતિવાદી પક્ષકાર તરીકે પણ નથી. જેથી આ દાવામા પ્રતિવાદીને ખરા પક્ષકાર તરીકે રજુ કરવા એ પણ ન્યાયીક ભુલ ગણાય માટે આ દાવો રદ પાત્ર છે. સોમનાથ ટ્રસ્ટ પ્રભાસ પાટણ ધ્વારા સોમપ્રભા કેળવણી ટ્રસ્ટ આજોઠાને ૯૯ વર્ષ ના ભાડા પેટે જગ્યા સને ૧૯૮૧ મા આપવામા આવેલ છે. જેમા પ્રતિવાદી ધ્વારા કોઈપણ પ્રકારનો કબ્જો કરેલ નથી કે કરાવેલ નથી. સોમપ્રભા કેળવણી ટ્રસ્ટ સાથે પ્રતિવાદીને કોઈ કરાર થયેલ નથી. હકીકતે આ દાવામા પ્રતિવાદીને પક્ષકારનો બાધ નડતો હોય

અને સત્ય હકીકતના પ્રતિવાદીને જોડવામા આવેલ ન હોય માટે પ્રતિવાદીને આ દાવાના પક્ષકારમાથી મુકત કરવા નમ્ર અરજ કરેલ. વધુમા જણાવેલ છે કે, વાદગ્રસ્ત જગ્યા જે સોમપ્રભા કેળવણી ટ્રસ્ટની છે જે જગ્યાના અમુક ભાગ ઉપર ગુજ.હુસેન જમાલ ભાદરકાનો કબ્જો હતો અને તેણે સાટાકરારથી કોળી કરશનભાઇ ગોવાભાઇ બામણીયાએ હીટાચી પેમેન્ટ સર્વીસ પ્રા.લી. સાથે કરાર કરી ATM મશીન લગાડાવી અને નાણાકીય કમાણીનુ સાધન ઉભુ કરેલ છે માટે આ તમામ હકીકતો જોતા પ્રતિવાદીને ખોટી રીતે આ દાવામા જોડવામા આવેલ છે અને હકીકતના પક્ષકારને જોડવામા આવેલ નથી.

(૩) વાદી તરફે નિશાની–૩/૧ થી ૩/૧૧ તથા ૧૨/૧ થી ૧૨/૩ વાળા દસ્તાવેજો રજુ કરેલ છે.

(૪) આ કામે વાદી અને પ્રતિવાદી તરફે તેઓના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ.

(૫) સદર અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઠરાવવામાં આવેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?
૨. શું સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે ?
૩. શું વાદીને નાણામાં ન મુલવી શકાય તેવુ નુકશાન થવા સંભવ છે ?
૪. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયના જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં,
૨. નકારમાં,
૩. નકારમાં,
૪. આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા :-**

આ કામે મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન નિવારવા માટે મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

(૭) વાદીએ હાલનો દાવો ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણ ગામના સર્વે નં. ૧૮૬૨ ની જમીનમાં ગુજરનાર હુશેનભાઇ જમાલભાઇ ભાદરકા મારફત વાદીની સંસ્થાની જમીનમાં દબાણ કરેલ હોય, તે જમીનમાં ગેરકાયદેસર રીતે દુકાનો બનાવેલ છે, તે પૈકી એક કેબીનમાં પ્રતિવાદી બેંક એ.ટી.એમ. મશીન મુકી ગેરકાયદેસર રીતે બેંકીંગ વ્યવહાર કરવા પ્રયત્ન કરતા હોય પ્રતિવાદીને આવો કોઇ હકક અધિકાર નથી તેવી જાહેરાત તેમજ પ્રતિવાદી અને તેમના માણસો, મજુરો, નોકર ચાકર કે ફ્રેન્ચાઇઝ વિગરે આ જગ્યાએથી એ.ટી.એમ. મશીન હટાવી લે અને કોઇ બેંકીંગ વ્યવહાર કરે નહી તેવી કાયમી મનાઇ હુકમની દાદ સાથે દાવા અરજી રજુ કરી હાલની અરજીમાં રે.સ.નં.૧૮૬૨ વાળી જમીનમાં ગેરકાયદેસર દુકાનમા એ.ટી.એમ. મશીન મુકી બેંકીંગ વ્યવહાર કરવાની પ્રતિવાદી કોશીશ કરે છે તે તેઓને હકક અધિકાર નથી કે વાદી સંસ્થાની મંજુરી લીધેલ નથી, જેથી પ્રતિવાદી કે તેમના કર્મચારી માણસો, મજુરો, નોકરો, ચાકરો કે ફ્રેન્ચાઇઝ વિગેરે આ જગ્યાએ એ.ટી.એમ. મશીન મુકી બેંકીંગ વ્યવહાર કરે નહી તેવો કામ ચલાઉ મનાઇ હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.

(૭.૧) વાદીએ તેઓની દાવા અરજીમા પ્રતિવાદી એ.ટી.એમ. મશીન હટાવી લે તેવી દાદ માંગેલ છે. જયારે હાલની અરજીમાં પ્રતિવાદીએ રે.સ.નં. ૧૮૬૨ વાળી જમીનમાં એ.ટી.એમ. મશીન મુકી બેંકીંગ વ્યવહાર કરે નહી તેવી કામ ચલાઉ મનાઇ હુકમની માંગણી કરેલ છે. આમ, વાદીએ દાવા અરજીમાં એ.ટી.એમ. મશીન મુકેલાની વાત કરેલ છે જયારે હાલની અરજીમાં પ્રતિવાદી એ.ટી.એમ. મશીન મુકી વ્યવહાર કરે નહી તેવી દાદ માંગેલ છે.

**(૭.૨)** વધુમાં વાદીએ રે.સ.નં. ૧૮૬૨ વાળી જમીન તેઓને સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસપાટણનાઓએ ૧૯૮૧ ના અરસામાં ૯૯ વર્ષ પેટે લીઝથી પછાત વર્ગના બાળકોના છાત્રાલય માટે આ જમીન આપેલ. વાદીની દાવા અરજીમાં દાવાવાળી જમીનમાં ગુજરનાર હુશેન જમાલ ભાદરકાનાઓએ ગેરકાયદેસરનો કબજો કરેલો છે અને આ વાદગ્રસ્ત જમીન ઉપર કુલ–૪ દુકાનો બનાવેલ છે, જેમાં હાર્ડવેર, સીમેન્ટ, એસ.ટી.ડી. પી.સી.ઓ. તથા સીધ્ધનાથ ઈલેકટ્રીક સ્ટોર નામની દુકાન છે, જે તમામ દુકાનોમાંથી નીચેના ભાગે આવેલ દુકાનમાં પ્રતિવાદી એ.ટી.એમ.નું મશીન રાખી સંપુર્ણ વ્યવહાર કરવા પ્રયત્ન કરે છે તેવી હકિકત જણાવે છે. જયારે પ્રતિવાદીએ તેઓના આંક–૧૦ વાળા લેખિત વાંધા જવાબમાં પ્રતિવાદી બેંક તેઓના એ.ટી.એમ. મશીન મુકવા માટે ત્રાહિત સંસ્થાને કોન્ટ્રાકટ આપતા હોય છે જેમાં હીટાચી પેમેન્ટ સર્વીસ પ્રા.લી. કંપનીને કોન્ટ્રાકટ આપેલ અને તે કંપનીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના એ.ટી.એમ. મશીન લગાવવા માટે તેઓ અને કોળી કરશનભાઈ ગોવાભાઈ બામણીયા નાઓ વચ્ચે તા.૨૩/૦૩/૨૦૨૩ ના રોજ કરાર થયેલ છે. અને આ વાદગ્રસ્ત જગ્યા ગુજરનાર હુશેનભાઈ જમાલભાઈ ભાદરકાએ કોળી કરશનભાઈ ગોવાભાઈ બામણીયાને પોતાના કબજા વાળી જગ્યાનું સાટાખત કરાર તા.૧૭/ ૧૧/૧૯૯૭ ના રોજ કરી આપેલ છે તેવી તકરાર લીધેલ છે. પ્રતિવાદીના વાંધા જવાબ સામે વાદી તરફે આંક–૧૧ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે જેમાં હુશેનભાઈ જમાલભાઈ ભાદરકા ગુજરી ગયેલ હોય જેથી આ સાટાખત કરારનો અર્થ રહેતો નથી અને સાટાખત કરાર અસ્તીત્વમાં નથી, જેથી કોળી કરશનભાઈ ગોવાભાઈ બામણીયા હાલની દુકાનના માલીક ગણાય નહી. પરંતુ વાદીએ પોતે તેઓની દાવા અરજીમાં તેમજ હાલની અરજીમાં ગુજરનાર હુશેનભાઈ જમાલભાઈ ભાદરકાએ ગેરકાયદેસર કબજો કરેલાનું જણાવેલ છે, પરંતુ તેઓએ ગેરકાયદેસર કબજો કયારથી અને કેવી રીતે કરેલ છે તે બાબતે કોઈ હકિકત જણાવેલ નથી તેમજ પ્રતિવાદીએ ગુજરનાર હુશેનભાઈ જમાલભાઈ ભાદરકા તથા કોળી કરશન ભાઈ ગોવાભાઈ બામણીયા વચ્ચે થયેલ સાટાખત કરારની નકલ નિશાની ૧૬/૧ ની કોપી સાથે રજુ કરેલ છે જે તા.૧૭/૧૧/૧૯૯૭ ના રોજની

હોવાનું જણાય છે. વધુમાં પ્રતિવાદી તરફે નિશાની ૧૬/૧ થી રજુ દસ્તાવેજમાં સાટાખત કરારની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા તે સાટાખત કરારમાં કોઇ જગ્યાએ રેવન્યુ સર્વે નં. ૧૮૬૨ નો ઉલ્લેખ થયેલો નથી. ત્યારે જો પ્રતિવાદી પોતે તેઓના કબજાવાળી રે.સ.નં. ૧૮૬૨ વાળી જમીનમાં ગુજ. હુશેનભાઇ જમાલભાઇ ભાદરકાએ ગેરકાયદેસર કબજો કરેલ હોય તો તે ગુજ. હુશેનભાઇ જમાલભાઇ ભાદરકા અને કોળી કરશનભાઇ ગોવાભાઇ બામણીયા વચ્ચે થયેલ સાટાખત કરાર વાળી મિલકત જ છે તેવુ પણ વાદી દર્શાવી શકતા નથી. જો કે પ્રતિવાદી તરફે આ અંગે કોઇ તકરાર લેવામાં આવેલ નથી. પરંતુ જયારે વાદી તેઓની રે.સ.નં. ૧૮૬૨ વાળી જમીનમાં ગુજ. હુશેનભાઇ જમાલભાઇ ભાદરકાએ ગેરકાયદેસર કબજો કરેલ હોય અને તે જમીન તેઓએ સાટાખત કરારથી ગુજરનાર કોળી કરશનભાઇ ગોવાભાઇ બામણીયાને સાટાખત કરારથી કબજો સોંપેલ હોય તો તે બન્ને મિલકત એક જ છે તેવુ પણ વાદીએ પ્રથમ દર્શનીય દર્શાવવુ જોઇએ. પરંતુ વાદી તરફે આવુ કોઇ દસ્તાવેજ રજુ થયેલ નથી.

(૭.૩) વધુમાં વાદીએ ગુજરનાર હુશેનભાઇ જમાલભાઇ ભાદરકાએ કોળી કરશનભાઇ ગોવાભાઇ બામણીયાને સાટાખત કરાર કરી આપેલ નથી તેવી કોઇ તકરાર લીધેલ નથી પરંતુ તેવી કોઇ હકિકત વાદીએ તેઓની દાવા અરજીમા જણાવેલી નથી અને ગુજ. હશન જમાલ ભાદરકાએ જો વાદીની દાવાવાળી જમીન માં ગેરકાયદેસર કબજો કરેલ હોય તો કેટલા સમયથી આવો કબજો કરેલ છે તેવી હોઇ હકિકત વાદી દાવા અરજીમાં જણાવતા નથી અને વાદી જયારે હાલનો દાવો લાવેલ છે ત્યારે પણ તેઓ તેમની દાવા અરજીમાં દાવાવાળી જમીનમાં ગુજ. હશન કમલ ભાદરકાએ ગેરકાયદેસર કબજો કરેલાનું જણાવે છે અને તે જમીનમા પ્રતિવાદીએ એ.ટી.એમ. મશીન ગેરકાયદેસર રીતે મુકેલ હોય તેવુ કથન કરેલ છે પરંતુ વાદી ગુજ. હુશેન જમાલ ભાદરકાના વારસદારને કે કોળી કરશન ગોવાભાઇ બામણીયાને પક્ષકાર તરીકે જોડેલ નથી તેમજ પ્રતિવાદીએ તેમના લેખિત વાંધા જવાબમાં તકરાર લીધા બાદ વાદીએ તેઓના આંક–૧૧ વાળા કાઉન્ટર એફીડેવીટ માં હીટાચી પેમેન્ટ પ્રા.લી.ના માલીક તથા કોળી કરશનભાઇ ગોવાભાઇ બામણીયા

ને પક્ષકાર તરીકે જોડવા માટેની અરજી કરવાનો હકક કાયમ રાખે છે તેવી હકિકત જણાવેલ છે, તેથી વાદી પોતે પણ તેઓના કાઉન્ટર એફીડેવીટમાં તેઓએ જરૂરી પક્ષકારોને જોડેલા નથી તેવુ અપ્રત્યક્ષ રીતે સ્વીકારેલ છે.

**(૭.૪)** આમ, ઉપરોકત તમામ સંજોગોમાં દાવાવાળી જમીન કે જયાં પ્રતિવાદી સંસ્થાનું એ.ટી.એમ. મશીન મુકેલ છે તે જમીનનો કબજો વાદીનો ન હોવાનું પ્રથમ દર્શનીય ફલીત થાય છે.

(૮) આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદી દાવાવાળી મિલકત વાદીના કબજા ભોગવટાની હોવાનું પ્રથમ દર્શનીય પુરવાર કરી શકેલ નથી. જેથી વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી અને આ સંજોગોમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી અને નાણામાં ન ચુકવી શકાય તેવુ નુકશાન પણ વાદીને જાય તેવી સંભાવના જણાતી નથી. જેથી **મુદ્દા નં. ૧ થી ૩** નો નિર્ણય **"નકારમાં"** માં ઠરાવુ છુ અને મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

**(૧)** અરજદારની આંક–૦૫ ની વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની અરજી આથી રદ યાને નામંજુર કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અરજીના આખરી નિર્ણયને અનુસરશે.

આ હુકમ આજરોજ તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૪/૦૩/૨૦૨૫
મુ. વેરાવળ.

**(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)**
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
વેરાવળ.
કોડ નં. જી.જે.–૦૦૮૭૭